દાદા ભગવાન પરિવારનું
ફેબ્રુઆરી ૨૦૨૨
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# We Are One !

## સંપાદકીય

મિત્રો,

સંસ્કૃતમાં એક વાક્ય છે. **'સંહતિઃ કાર્યસાધિકા'**. એટલે કે સંપથી અશક્ય કાર્ય પણ શક્ય બને છે. શું તમને પક્ષી અને શિકારીવાળી વાર્તા ખબર છે ? શિકારીએ પક્ષીઓને ફસાવવા માટે એક જાળ નાખી. ફસાઈ ગયેલા પક્ષીઓએ સંપ રાખી એક સાથે એ જાળ ઉપાડી લીધી અને બધા બચી ગયા. સંપની શક્તિમાં એવું બળ છે કે બહારના કોઈ પણ સંકટને હરાવી શકે છે.

સંપીને રહેવા માટે શું સમજણ હોવી જોઈએ ? જો સંપીને ના રહીએ તો શું થાય ? શું સંકટ વખતે સંપ રાખવો સહેલો છે ? કઈ પરિસ્થિતિમાં સંપ નથી રાખી શકાતો ? ચાલો, જ્ઞાનીઓની સમજણ દ્વારા આ બધા પ્રશ્નોના સુંદર ખુલાસાઓ મેળવીએ. અને નક્કી કરીએ કે એકબીજા સાથે એવા હળી-મળીને અને સંપીને રહીએ કે કોઈ પણ મુશ્કેલીને પાર કરી શકીએ.

- ડિમ્પલ મહેતા


# અક્રમ એક્સપ્રેસ

વર્ષ : ૧૪, અંક : ૬
સળંગ અંક : ૧૬૨
ફેબ્રુઆરી ૨૦૨૨



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2022, Dada Bhagwan Foundation
All Rights Reserved



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


જ્ઞાનીઓ કહે છે...


## સંકટ વખતે જ સંપ કેમ વધી જાય ?

મુશ્કેલી આવે ત્યારે બધા એક થઈ જાય. સુરતમાં પૂર આવ્યું હતું ત્યારે બધા એક થઈ ગયા હતા. પૂર જતું રહ્યું એટલે સ્વાર્થ આવી ગયો પાછો. મુશ્કેલીમાં એક જ થવાનું હોય. ત્યારે મારી-તારી કરવા જાય તો દુઃખ વધી જાય. સંકટ વખતે સ્વાર્થ બુદ્ધિ નથી હોતી. બધાને એવી ભાવના હોય છે કે બધા બચી જાય તો સારું. એટલે બધા એક થઈ જાય.

## સંપ ક્યારે રહી શકે ?

- એકબીજાની ભૂલ ના કાઢે,
- એકબીજાના નેગેટિવ ના જુએ,
- પોતાના સ્વાર્થ, લાભ કે ફાયદાનું ના વિચારે,
- સામાના સુખનું વિચારે, તો સંપીને એક રહી શકાય.





## સંકટ સિવાય પણ સંપીને રહેવા શું કરવું જોઈએ ?


- સંપીને રહેવું છે, નક્કી કરવાનું.
- એકબીજાને પૂરક (હેલ્પફુલ) થવું.
- એકબીજાને માફક આવે એવું ના હોય ત્યાં એડજસ્ટમેન્ટ લેવાનું. સામ-સામે એડજસ્ટમેન્ટ લઈએ ને તો આનંદમાં રહેવાય અને સુખી રહેવાય.

# આ તો નવી જ વાત !


**એક ફાડ ફાડ કરે તો બીજાએ સાંધી લેવું તો જ સંબંધ નભશે અને શાંતિ રહેશે.**

દા.ત : કોઈ ફ્રેન્ડ આપણી સાથે ઝઘડો કરે, એટલે કે ફ્રેન્ડશીપ તોડવા આવે, ત્યારે આપણે ઝઘડો કર્યા વગર એડજસ્ટ થઈને ફ્રેન્ડશીપ સાંધી લેવી.





**ભેદ પાડવાનું કારણ શું ? આ મારું ને આ તારું, હું સાચો ને તું ખોટો, હું સારો ને તું ખરાબ, હું ઊંચો ને તું નીચો !**




ભગવાન તો એટલું જ જુએ કે આ ઘરમાં સંપ છે કે કલેશ છે ! જો કલેશ છે તો હું રહેવા માંગતો નથી અને જો સંપ હોય તો હું જવા માંગતો નથી.

પાંચ જણ મળીને કોઈ પણ કાર્ય કરે તે સફળ થાય.




ક્રેઝી મેલડી
સિગ્નલ રેડ થતા જ, મૌસિકીએ ગાડીને બ્રેક મારી. ટ્રાફિક બહુ જ હતો. એણે રેડિયો ઓન કર્યો.
રેડિયો પર
ઔર નાઈન્ટી ફોર પોઈન્ટ થ્રી પર અગલા ગાના હૈ, 'ધ ક્રેઝી મેલડી' બેન્ડ કા મશહૂર ઔર લોકપ્રિય સોંગ, "ડાર્ક ચોકલેટ...."
એ ગાયન મૌસિકીને ભૂતકાળમાં ખેંચી ગયું.
યાર મોસ, આ વર્ડ્સ કંઈ જામતા નથી. હાઉ અબાઉટ, આપણે આના બદલે 'ડાર્ક ચોકલેટ' રાખીએ.
પરફેક્ટ ! લેટ્સ ગો વિથ ઈટ !
એરિકાએ ગિટાર પર ટ્યૂન સેટ કરી. અને મીરાએ પિઆનો રેડી કર્યો.


તે દિવસે કોફી શોપમાં 'ડાર્ક ચોકલેટ' સોંગનું પહેલું પરફોર્મન્સ હતું. ઓડિયન્સે સોંગને ખૂબ વધાવ્યું.
રાતોરાત 'ધ ક્રેઝી મેલડી' બેન્ડ પોપ્યુલર થઈ ગયું.
વી રોક ગર્લ્સ ! હવે આપણે કામ શોધવા નહીં જવું પડે, ઓફર્સ સામેથી આવશે.
પાછળથી ગાડીઓના હોર્ન સંભળાયા અને મૌસિકી વર્તમાનમાં પાછી આવી. સ્ટોપ લાઈટ પર સિગ્નલ ગ્રીન થઈ ગયું હતું.
કેટલા શાનદાર હતા એ દિવસો ! એકબીજા સાથે મળીને મ્યુઝિક બનાવવાની કરવાની મજા કંઈક ઓર જ હતી. મેં કેમ એવી મૂર્ખામી કરી !


તે દિવસે,
ક્યાં ખોવાઈ ગઈ છે મોસ ? અમે એક કલાકથી તારી રાહ જોઈએ છીએ.
સોરી યાર, ટ્રાફિકમાં ફસાઈ ગઈ છું. બસ, પહોંચું જ છું.
થોડા દિવસો પછી,
તો આ હતો તારો ટ્રાફિક ? એ દિવસે તું મીડિયાને ઈન્ટરવ્યુ આપવા ગઈ હતી ને ? અમને ઈન્ફોર્મ પણ ના કર્યું !
એમને ફક્ત મારો જ ઈન્ટરવ્યુ જોઈતો હતો ! હું શું કરું ?
રિયલી મોસ ?! જેણે ક્રેડિટ શેર કરવી હોય એને ઉપાય પણ મળી જાય.
અને આ કંઈ પહેલી વાર છે ? લાસ્ટ વિક તેં એક કોન્ટ્રાક્ટ સાઈન કર્યો જેની જાણ અમને બહારથી થઈ.
પણ એમને સોલો સિંગરની જરૂર હતી, આખા બેન્ડની નહીં !
લાગે છે કે તને પણ હવે 'સોલો' (એકલા) જ રહેવું છે. બેન્ડની જરૂર નથી.


પ્લીઝ !! જ્યારે આપણી પાસે કશું જ નહોતું ત્યારે કેવું સરસ સંપીને મ્યુઝિક બનાવતા હતા. આજે જ્યારે બધું જ છે ત્યારે આવી ફાઈટસ કેમ ?
ફાઈટ તમે લોકો એ શરૂ કરી છે. એન્ડ યુ આર રાઈટ. મારે બેન્ડની જરૂર નથી.
બેન્ડ છોડ્યા પછી લાગ્યું હતું કે સરસ મજાનું પોતાનું સિંગિંગ કરિયર બનાવીશ. ગાવાનું પણ છૂટી ગયું અને મજા પણ ખોવાઈ ગઈ.
ગાડીમાં ઘરે પાછા જતા મૌસિકીએ ફરી રેડિયો ઓન કર્યો,
હું છું આર. જે. વિની.... ચાલો એક વાર્તા સંભળાવું. એક માણસને દ્રાક્ષ ખરીદવી હતી. એણે દુકાનદારને ભાવ પૂછ્યો.
આ ૧૦૦ રૂપિયા કિલો અને છુટ્ટી દ્રાક્ષ ૩૦ રૂપિયા કિલો !
આટલો બધો ફેર કેમ ?
સાહેબ, દ્રાક્ષ તો સરસ છે. પણ ઝૂમખામાંથી છૂટી પડી ગઈ છે.
જો આપણે પણ પરિવાર કે મિત્રોના ઝૂમખામાંથી છૂટા પડી જઈએ તો આપણી કિંમત પણ ઓછી થઈ જાય. તૂટેલા સંબંધો ફરી બાંધી લો, પરિવાર અને મિત્રો સાથે હંમેશા જોડાયેલા રહો !
મૌસિકીએ 'ક્રેઝી મેલડી' બેન્ડનો કોન્ટેક્ટ શોધ્યો. અને પોતાના ઝૂમખામાં ફરી જોડાવવા માટે નંબર ડાયલ કર્યો.

# જીવંત ઉદાહરણ

## ઉબુંતું

એક વૈજ્ઞાનિક સંશોધન માટે આફ્રિકાના જંગલોમાં ગયા. ત્યાંના બાળકો સાથે એમણે રિસર્ચ કરવાનું નક્કી કર્યું.આ રિસર્ચમાં એમણે એક રમતનું આયોજન કર્યું. એક વૃક્ષ પાસે એમણે એક બાસ્કેટ મૂકી. બાસ્કેટ ચોકલેટ્સથી ભરેલી હતી.બાળકોને આ મીઠાઈ અને વૃક્ષથી સો મીટર દૂર ઊભા રાખ્યા. અને કહ્યું કે હું જ્યારે રૂમાલ હલાવું, ત્યારે તમે બધા જ બાસ્કેટની તરફ દોડજો. જે સૌથી પહેલા બાસ્કેટ પાસે પહોંચી જશે, તેને બધી ચોકલેટ્સ મળશે.



વૈજ્ઞાનિકે રૂમાલ હલાવ્યો અને એમને જબરજસ્ત અચરજ થયું. બધા બાળકોએ એકબીજાના હાથ પકડ્યા અને એક સાથે બાસ્કેટ તરફ દોડ્યા. બાસ્કેટ પાસે પહોંચીને, બધાએ ચોકલેટ્સ એકસરખી વહેંચીને આનંદથી ખાધી. વૈજ્ઞાનિકે બાળકોને પૂછ્યું, ''તમે આવું કેમ કર્યું ?'' કોઈ એક પહેલા પહોંચી જાત તો બધી ચોકલેટ જીતી જાત ! બાળકોએ કહ્યું, ''કોઈ એક ખુશ થાય અને બાકી બધા દુઃખી થાય, એવું તો કેમનું કરાય !''

આફ્રિકાની આ ટ્રાઈબમાં એક સમજણ છે જેનું નામ છે : ઉબુંતું. ઉબુંતું એટલે, "I am because we are" : ''હું છું કારણ કે આપણે છીએ'' કોઈ એક કેવી રીતે ખુશ રહી શકે જ્યારે અન્ય દુઃખી હોય ?!

# લામા & યામા

**ફેબ્રુઆરી ૨૦૨૧, ભણ ભણ, કેમ પણ ? નો અક્રમ એક્સપ્રેસ અંક,વાંચીને સમજીને અને એનો સાર કાઢીને તમારી ઉંમરના બાળકોએ એક સરસ મજાની કાલ્પનિક વાર્તા બનાવી છે. ચાલો, એ વાર્તાની મજા લઈએ.**

યુરેનસ ગ્રહ પર ફાતીર પરિવાર રહેતો હતો. આ પરિવારમાં ગુજલ ફાતીર, એની પત્ની હુનાલી ફાતીર અને તેમની જોડિયા દીકરીઓ લામા અને યામા ફાતીર હતા.

આ જોડિયા બહેનો ભણવામાં ટોપર હતી. પરંતુ બંને પાસે જુદી જુદી રીત હતી. યામાને સ્ટડી કરવા કરતા વધુ માર્કસ મેળવવામાં રસ હતો જ્યારે લામાને સમજણ વધારવામાં રસ હતો. લામા દરેક શબ્દનો સ્ટડી કરતી અને લાઈબ્રેરીની બીજી બુક્સ રિફર કરતી હતી. જ્યારે બીજી બાજુ યામા ક્વિઝમાં જેટલું પૂછાવવાનું હોય તેટલું જ ભણતી હતી.


એકવાર એક પરીક્ષામાં લામાની એક નાની અમથી ભૂલને કારણે, લામાના માર્કસ યામા કરતા ઓછા આવ્યા. લામા નિરાશ થઈ ગઈ. પણ યામા તો પોતાના માર્કસથી બહુ જ ખુશ હતી.



તે સાંજે, તેઓ બંને 'હસીના' મોલમાં ગયા. બેમાંથી જે પ્રથમ આવે તેણે મોલમાં જઈને જે જોઈએ તે ખરીદાય, એવો એમનો ફેમિલી રિવાજ હતો.

યામા એક દુકાનમાં કપડા ખરીદવા ગઈ અને લામા દર વખતની જેમ જ બુક સ્ટોરમાં ગઈ. કંઈ ખરીદવા માટે નહીં, પણ બુક્સથી તેને એક જાતની હૂંફ મળતી. બુક સ્ટોરમાં એક ક્વિઝ યોજાવવાની હતી. લામા, યામાને શોધી લાવી અને બંનેએ ક્વિઝમાં ભાગ લીધો.

ક્વિઝના પ્રશ્નો યામાએ ક્યારેય ટેક્સ બુક્સમાં વાંચ્યા નહોતા. એટલે એને ક્વિઝ બહુ જ અઘરી લાગી. પણ લામાને તો ક્વિઝ સાવ સહેલી લાગી કારણ કે એણે એ પ્રશ્નો બીજી બુક્સમાં વાંચેલા હતા.




લામા ક્વિઝ જીતી ગઈ. એને ઈનામમાં બુક્સ મળી જે એને યામા સાથે પણ શેર કરી. આ જોઈને યામાને સમજાયું કે આપણે સ્ટડી ફક્ત પરીક્ષા માટે જ નહીં, પણ કંઈક શીખવા માટે પણ કરવું જોઈએ. વધારે શીખેલું ક્યારેય નુકસાન નથી કરતું. પણ ખરા ટાઈમે પ્રશ્નો અને ગૂંચવાડાઓને સોલ્વ કરવામાં મદદ કરે છે.



# સાથ હૈ તો બાત હૈ



પહાડોની વચ્ચે આવેલા 'સાથ હૈ તો બાત હૈ,' અનાથાલયમાં સન્નાટો છવાયેલો હતો. કિચનમાં બધે જ ખાવાનું પડ્યું હતું. જમીન પર પૂરીના ટુકડા વિખરાયેલા હતા, છાસ અને દાળની નદીઓ વહેતી હતી. મહારાજ પોતાનો સામાન પેક કરી રહ્યા હતા.

મહારાજ : ધીરજભાઈ, મારાથી નહીં થાય.

ધીરજભાઈ : હું સમજી શકું છું !

મહારાજ : તમારા છોકરાઓ શેતાન છે. આવા કારસ્તાની બાળકો છે એટલે જ તો તમારે ત્યાં કોઈ મહારાજ ટકતા નથી.

ધીરજભાઈ : તોય તમે તો મહિનો ટક્યા, બીજા તો પ દિવસમાં જતા રહે છે.

ધીરજભાઈની ઓફિસની બહાર વીસેય બાળકો નીચું મોઢું કરીને ઊભા હતા. થોડા સમય પહેલાં જ ટીમ 'રોકસ્ટાર' અને ટીમ 'દેશી બોયઝ' એ ઝઘડો કરીને રસોડાને યુદ્ધનું મેદાન બનાવ્યું હતું. હજુ તો બધાના કપડા ઉપર દાળના ડાઘા તાજા હતા. અરે, ૭ વર્ષના મિહિર અને રાજુના વાળમાં તો પાપડના ટુકડા પણ હતા.

મિહિર અને રાજુને અનાથાલયમાં આવ્યાને ૨ મહિના થયા હતા. કેટલાય વર્ષોથી એવી પ્રથા હતી કે શહેરમાંથી આવે તે બાળકો ટીમ રોકસ્ટારમાં જોડાય અને ગામડામાંથી આવે તે બધા દેશી બોયઝનો હિસ્સો બને.

રોકસ્ટાર અને દેશી બોયઝ વચ્ચે ભારે દુશ્મની હતી પણ ધીરજકાકા તો સહુને વહાલા હતા. ગમે તેટલું તોફાન કે નુકસાન થાય તોય ધીરજકાકા ક્યારેય કોઈને બોલ્યા નહોતા. કાકા બધાને એટલા લાડ લડાવતા કે અનાથાલયના કોઈપણ બાળકને ક્યારેય મમ્મી-પપ્પાની ખોટ લાગે એવું બન્યું નહોતું.

ધીરજકાકાએ ઓફિસની બહાર આવીને, બાળકો સામે જોયા વગર બબલુને કહ્યું, 'બબલુ, આજે બધાને પોકેટ મની આપી દેજો. બધા માર્કેટમાં જઈને ખાઈ લેશે.'

આ સાંભળીને દેશી બોયઝનો ટીમ લીડર બૈજુ બોલી ઉઠ્યો, "કાકા, તમે પણ સાથે ચાલો. એમેય સૌથી સારું સ્ટ્રીટ ફૂડ તો તમને દેશી બોયઝ સાથે જ ખાવા મળશે."

પણ કાકા બોલ્યા વગર પોતાની રૂમમાં જતા રહ્યા.

"દોઢડાહ્યા દેશી બોયઝને કાકાએ ભાવ પણ ના આપ્યો." હસીને રોકસ્ટાર ટીમના લીડર સિદ્ધાર્થે કહ્યું, "ચાલો, આપણે પાછા ફરતા કાકા માટે મંચુરિયન અને મેગી લઈ આવીશું."

પણ રોકસ્ટાર ટીમ જ્યારે ખાવાનું લઈને આવી ત્યારે, કાકાએ કીધું, "બબલુ, તું ખાઈ લેજે, મારે આજે નથી જમવું."

ધીરજકાકા નારાજ હતા. આજ સુધી ક્યારેય એ જમ્યા ના હોય એવું તો બન્યું જ નહોતું.

ધીરજકાકા ભૂખ્યા છે એ વાતે કોઈને પણ સુવા ના દીધા. વહેલી સવારે બબલુ એ બૂમ પાડી, "કાકાએ કહ્યું છે કે તૈયાર થઈને ૯ વાગ્યા સુધીમાં રસોડામાં આવી જજો."

સવારે નાસ્તામાં બધાનું ફેવરીટ બ્રેડ બટર અને સમોસા હતા. બધાએ પેટ ભરીને ખાધું. બબલુએ કાકાને પૂછ્યું, "કાકા તમને શું આપું ?"

"કશું નહીં બબલુ, મને ભૂખ નથી." ધીરજકાકા બોલ્યા. આ સાંભળતા બધાના હાથ ત્યાં જ અટકી ગયા. "કાકા ફરીવાર ખાવાની ના પાડે છે ? કાલે રાતથી એમણે ખાધું નથી." બધાના મોઢા પર ચિંતા છવાઈ ગઈ.

"અરે, તમે ચિંતા ના કરો, આજે બપોરે હું જમીશ ! કેમકે આજે બપોરે રસોઈ તમારે મારા માટે બનાવવાની છે. તો બનાવશો ને ?" કાકાએ પૂછ્યું.

"હા, કાકા !" બંને ટીમ સાથે બોલી.

"સારું, તો બબલુ તું નોટિસ બોર્ડ પર કોનો ક્યારે વારો છે તે લખી દેજે. એક અઠવાડિયું તમારે જાતે જ બનાવવાનું છે. નવા મહારાજ આવતા સોમવારે આવશે."

કાકાને મનાવવા માટે બધા કંઈપણ કરવા તૈયાર હતા ! પણ નોટીસ બોર્ડ પર નામ જોઈને એમની તૈયારી જતી રહી.

"અમે દેશીઓ સાથે કામ નહીં કરીએ." સિદ્ધાર્થ બોલ્યો.

"તો અમેય કંઈ રોક સાથે કામ કરવા નથી માંગતા, અમે કાકા માટે બનાવીશું. તમે રસોડામાં દેખાતા પણ નહીં !" બૈજુ બોલ્યો.

"સિદ્ધાર્થ ભાઈ, આપણે અડધા કિચનમાં અને બૈજુભાઈ અડધા કિચનમાં બનાવે, એવું કરાય ?" મિહિર ડરતા ડરતા બોલ્યો.

"આ સારો આઈડિયા છે. કાકા જ કહેશે કોણ બેસ્ટ છે !" બૈજુએ કીધું.

અને કિચનમાં બે ભાગ કરીને બંને ટીમ કામે લાગી ગઈ.

૧૨ વાગે કાકા ડાઈનિંગ રૂમમાં આવ્યા. દેશી



બોયઝ અને રોકસ્ટાર પોતપોતાની વાનગી લઈને તૈયાર હતા. કાકા બંને ટીમ્સને સાથે જોઈને ખુશ થયા. પણ ત્યાં જ કાકા માટે ૨ થાળી પીરસાઈ, એક દેશી બોયઝની ને બીજી રોકસ્ટારની !

આ જોઈ કાકાએ ફક્ત પૂછ્યું, "તમે શું મેં બનાવેલી ટીમમાં કામ કર્યું ?"

"કાકા, તમે ચાખો તો ખરા !" બૈજુ બોલી ઉઠ્યો. "ના, ધીરજકાકા પહેલા અમારું ચાખો, પછી બીજા કોઈનું ખાવાની ઈચ્છા જ નહીં રહે !" સિદ્ધાર્થ બોલ્યો.

"બબલુ, મારા માટે ખીચડી બનાવીને મને રૂમમાં આપી જજે ! અને આ લોકોને કહી દેજે કે એમના હાથનું હું ત્યારે ખાઈશ જ્યારે એ લોકો સાથે મળીને બનાવશે !"

હવે શું ? એક બાજુ કાકાને મનાવવા હતા તો બીજી બાજુ એકબીજાનું મોઢું પણ જોવું ગમતું નહોતું. પણ આખરે કાકા માટે બંને ગેંગે કાકાએ પાડેલી ટીમ મુજબ કામ કરવાનું નક્કી કર્યું.

સાંજે બૈજુ અને સિદ્ધાર્થનો વારો હતો. અને મેનુ હતું પુલાવ અને સૂપ.

રાત્રે ૮ વાગે કાકા અને બબલુ આવ્યા અને કાકાની પ્લેટમાં બંનેએ પુલાવ અને સૂપ પીરસ્યા. બેઉને સાથે જોઈને કાકાને આનંદ થયો. તેમણે પ્લેટમાંથી પહેલી ચમચી સૂપ પીધો અને કહ્યું, "ઓહ, આ ટમેટાનો સૂપ તો સ્વીટ છે !"

આ સાંભળતા જ સિદ્ધાર્થ બોલ્યો, "મેં બૈજુને કીધું કે સૂપમાં ખાંડ ના હોય, પણ દેશીને 'હેલ્ધી' વિશે શું ખબર પડે !"

આ સાંભળીને કાકા બોલ્યા વગર ચુપચાપ જમી ને રૂમમાં ચાલ્યા ગયા. "કાકા, તમને કેવું લાગ્યું ?", "તમે બીજું લેશો ?" કેટલાય સવાલો બંનેએ પૂછ્યા પણ કાકાએ જવાબ ના આપ્યો.

બીજા દિવસે ફરી આ જ બન્યું, કાકા માટે નાસ્તામાં ખમણ અને કઢી બનાવ્યા હતા. કાકાએ ચાખીને કહ્યું કે, "આ કઢી તો બહુ સરસ બની છે !"

આ સાંભળતા જ દેશી બોયઝનો વર્ધમાન બોલી ઉઠ્યો, "કાકા, કઢી તો મેં બનાવી છે !" અને ફરી કાકા બોલ્યા વગર જમીને જતા રહ્યા. આવું બીજા બે દિવસ ચાલ્યું. કાકા ચાખે, કંઈ સવાલ પૂછે અને જેવો કોઈ જવાબ આપે કે કાકા બોલ્યા વગર જમીને ચાલ્યા જાય.

પછી મિહિર અને રાજુનો વારો આવ્યો. બંને સાત જ વર્ષના હતા. એટલે કેવું



બનાવશે એની ચિંતા બૈજુ અને સિદ્ધાર્થને થતી હતી.

અને બન્યું પણ એવું જ. બ્રેડ બટર ટોસ્ટ અને જામ સેન્ડવીચ જેવું સહેલું મેનુ હતું. પણ જ્યારે બંને લઈને આવ્યા તો એક ટોસ્ટ બળી ગઈ હતીને જામ સેન્ડવીચમાં સાઈડ કોરી રહી ગઈ હતી. કાકા આવીને બેઠા. એમણે પ્લેટમાંથી બળેલી ટોસ્ટ લીધી અને પૂછ્યું, "આ ?"

"કાકા, એ મારાથી બળી ગઈ !" મિહિર બોલ્યો, "ના, કાકા એ મને જામની બોટલનું ઢાંકણું ખોલી આપતો હતો તેમાં બળી ગઈ ! મારો ફોલ્ટ હતો." તરત જ રાજુ બોલ્યો.

આ સાંભળીને કાકાએ બળેલી ટોસ્ટનો એક બાઈટ લીધો અને કહ્યું, "બહુ ટેસ્ટી લાગે છે !"

બીજી ટોસ્ટ ખાઈને કાકા બોલ્યા, "આ સરસ છે !" તો મિહિર બોલ્યો, "કાકા, એ તો રાજુ એ શેકી છે !" તો રાજુ બોલ્યો, "પણ એમાં બટર મને મિહિરે લગાવી આપ્યું હતું !"

આ જોઈને કાકા હસ્યા અને તેમણે ટોસ્ટ ખાઈ લીધું. અને પછી તેમણે બંને ને પૂછ્યું, "બીજું શું બનાવતા શીખ્યા છો તમે બબલુભાઈ પાસેથી ?"

બાકીના બધા જોઈ જ રહ્યા. કાકા મિહિર અને રાજુ સાથે વાતો કરી રહ્યા હતા. એટલું જ નહીં પણ નાસ્તો કરીને તેઓ બંનેને પોતાની સાથે રૂમમાં વાર્તા સંભળાવવા પણ લઈ ગયા.

બસ પછી તો દેશી બોયઝ અને રોકસ્ટાર બેસીને વિચારવા લાગ્યા કે કાકા મિહિર અને રાજુથી ખુશ કેમ છે ?

"એ લોકો નાના છે એટલે !" "કદાચ કાકાને બળેલી ટોસ્ટ ભાવતી હશે એટલે !", "રાજુ રડવા જેવો થઈ ગયો હતો એટલે !" એવા અનેક તુક્કા લગાવવા લાગ્યા.

આ બધાની વાત સાંભળીને બબલુથી રહેવાયું નહીં અને તે બોલ્યો, "ઈ લોકોએ ભેળા મળીને કઈરુ ઈનાથી કાકા રાજી છે ! અને તમે બધા માહોંમાંહ લડવામાંથી જ ઊંચા નથ આવતા !" અને ચાલ્યો ગયો.

"ભેગા થઈને કર્યું એટલે શું ?" દેશી બોયઝમાંથી એક બોલ્યો.

પણ સિદ્ધાર્થ અને બૈજુ ચુપ હતા. એમને ખબર પડી કે બબલુ શું કહેતો હતો. મિહિર અને રાજુએ ભેગા મળીને બનાવ્યું હતું, ખાલી સાથે કામ નહોતું કર્યું પણ એકબીજાને સાચવ્યા હતા, બગડી ગયું એમાં બીજાની ભૂલ નહોતી કાઢી, સાથે જવાબદારી લીધી હતી અને કેવી રીતે સુધારી શકાય એવું વિચાર્યું હતું. અને સારું થયું એમાં 'મેં સારું કર્યું' એવું નહોતું કહ્યું પણ બંને એ એકબીજાની હેલ્પથી થયું એવું કહ્યું હતું.

સિદ્ધાર્થ અને બૈજુએ એકબીજા સામે જોયું અને બંને કિચન તરફ ગયા.

બપોરે જ્યારે કાકા જમવા બેઠા, કે સિદ્ધાર્થ બોલ્યો, "કાકા, આજે તો તમારું ફેવરીટ મેગી અને મંચુરિયન બનાવ્યા છે !"

કાકા બોલ્યા, "કોણે ?"

બૈજુ હસ્યો અને સિદ્ધાર્થના ખભે હાથ મૂકીને બોલ્યો, "અમે બેઉએ કાકા !"

કાકાના મોઢા પર મોટું સ્મિત આવી ગયું અને બોલ્યા, "કાલે નવા મહારાજ આવે છે ! કેટલો ટાઈમ એમને રહેવા દેશો ?"

"કાકા, કેવી વાત કરો છો ? અમે, મહારાજને હેરાન કરીએ ? બને જ નહીં !" સિદ્ધાર્થે હસીને જવાબ આપ્યો.

અને ત્યારથી 'સાથ હૈ તો બાત હૈ'માં બે ગેંગ મટી અને એક આખી મોટી ગેંગ બની ગઈ. જે હજુ નવા મહારાજને હેરાન કરીને ભગાડી દે છે પણ ધીરજકાકાનું બધું માને છે અને એકબીજાને સાચવીને પ્રેમથી રહે છે.

# ANIMAL WORLD



મીરકટ એક પ્રકારનું મંગુસ છે. તે હંમેશા ફેમિલી ગ્રુપમાં જ રહે. એક મીરકટ ફેમિલીમાં લગભગ ૨૦ થી ૫૦ મીરકટ હોય. હવે, મીરકટની ખાસિયત એ છે કે એમનામાં કોઈ વિશેષ શારીરિક શક્તિઓ નથી હોતી પણ તેમ છતાંય તેઓ પોતાની એકતાના કારણે જંગલમાં સિંહ અને વાઘ જેવા હિંસક પ્રાણીઓથી બચીને રહે છે. આખી ફેમિલી ખોરાક શોધવા સાથે જ નીકળે. જ્યારે સહુ ખાવાનું શોધતા હોય ત્યારે એક મીરકટ હંમેશા જુદું ઊભું રહીને ચોકી કરે. જો કંઈ ડેન્જર દેખાય, તો વોર્નિંગ સિગ્નલ આપે અને બધા જ મીરકટ છુપાઈ જાય.

હંસના ટોળાને તમે 'વી' આકારમાં ઉડતા જોયા જ હશે ?
ટોચ પર ઉડતું પક્ષી થાકી જાય તો બીજું પક્ષી તરત જ એની જગ્યા લઈ લે !
ટીમમાં બધા એકબીજાનું ધ્યાન રાખે અને એકબીજાનું કામ કરવા માટે તૈયાર રહે !





મધમાખીઓનું ટીમ વર્ક અને એકતા પ્રાણી જગતમાં ખૂબ વખણાય છે. તેની પાછળનું કારણ એ છે કે દરેક મધમાખીનું કામ અલગ અલગ હોય છે. અને દરેક પોતાનું કામ ખૂબ જ સિન્સીયરલી કરે છે. ગરમીના દિવસોમાં મધપૂડાના અંદરનું વાતાવરણ ઠંડુ હોય છે અને ત્યારે મધમાખીઓનું એક ગ્રુપ મધપુડામાં રહે અને બીજું ગ્રુપ બહાર કામ કરવા જાય. વારાફરતી બધી જ મધમાખીઓ અઘરા અને સહેલા કામ કરવાના વારા લે. અને આમ, હળીમળીને પોતાના કામમાં સકસેસ મેળવે.

હાથીઓ એકબીજાની ફીલિંગ્સ સમજે અને એકબીજાની કેર પણ કરે. જો કોઈ એક હાથી અપસેટ થાય, તો હાથીઓનું ટોળું જાત જાતના અવાજો કરીને એને ખુશ કરવામાં લાગી જાય. કોઈ હાથીને વાગે ત્યારે બધા હાથીઓ મળીને એના જખમ પર રેતી નાખે અને એને શાંત કરે. હાથીનું બચ્ચું જન્મે, ત્યારે બધા હાથીઓ મળીને સેલિબ્રેટ કરે.



# જંગલ જંગલ પતા ચલા હૈ, પતા ચલા હૈ...

પતા ક્યા ચલા હૈ ? પતા તો હમેં ચલાના હૈ ! નીચે દોરેલા જંગલના સીનમાં અમુક એવા એનિમલ્સ છુપાયેલા છે જે એકતાપૂર્વક કામ કરે છે અને 'એનિમલ વર્લ્ડ' સેક્શનમાં એમની ખાસિયતો દર્શાવેલી છે. તો ચાલો નીચેના પિક્ચરમાંથી ૬ હાથી, ૫ મીરકટ, ૮ હંસ શોધીએ.





AALOO CHILLY
Today's Spical:
જંગલ પરતંત્ર દિવસ
તમને થશે કે બધા તો સ્વતંત્ર દિવસ ઉજવે, તો આ આલુ અને ચિલ્લી પરતંત્ર દિવસ કેમ ઉજવે છે ? થોડા વર્ષો પહેલા કંઈક અનોખું બન્યું હતું !
તે વખતે પ્રાણીઓ નદીની પશ્ચિમ બાજુએ રહેતા અને પક્ષીઓ પૂર્વ બાજુ પર...
આલુ અને હું ત્યારે ફ્રેન્ડસ નહોતા અમે વાત પણ નહોતા કરતા !
એક દિવસ જંગલમાં જાનલેવા આગ લાગી.
અમારા માળા બળી રહ્યા હતા ! અને હું તો બહુ જ નાનો હતો !
હું તો ખાસ ઉડતા પણ નહોતો શીખ્યો. અમારા પેરેન્ટસ ચિંતામાં પડી ગયા કે અમારું શું થશે.


મારા પપ્પા નદી પાસે ગયા અને એમણે બધા પક્ષીઓને અમારી સાથે રહેવા બોલાવી લીધા !
એ દિવસે મેં પહેલી વાર આલુની પીઠ પર સવારી કરી !
પણ અમારું ફેમિલી એટલું મોટું થઈ ગયું કે....
ધીરે ધીરે અમને ખાવાનું ખૂટવા લાગ્યું.
એટલે મમ્મી પપ્પા રોજ એક મોટી નેટ લઈને ફૂડ લેવા જતા !
અને મા અને પા અમારું ધ્યાન રાખતા અને અમને ટેસ્ટી વાનગી બનાવીને ખવડાવતા હતા !
એ દિવસે અમે નક્કી કર્યું હતું કે સંકટ સમયે અમે કાયમ એકબીજા માટે હાજર રહીશું અને એકબીજાનું ધ્યાન રાખીશું !
અને એટલે, અમે પરતંત્ર દિવસ ઉજવીએ છીએ.

Akram Express


February 2022
Year : 14, Issue : 6
Conti. Issue No.: 162

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# Find it






'find it'... એક અનેરી કાર્ડ ગેમ... જેમાં છે "વહેલા તે પહેલા" ની જીત...! તો ગેમની ચેલેન્જ સ્વીકારો અને જલ્દી મેળવો...

**'find it' ગેમનું પેક !!**

તો આ 'find it' game મેળવવા માટે
QR Code Scan કરો.

### અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.